# GUJARAT SAMACHAR

## Best honeymoon destination in Kerala

**Date :** 12.12.2019 | **Edition : Ahmedabad** | **Page :** 2 | **Clip size (cm) : W:** 30 **H:** 13

---



**દક્ષિણ ભારતમાં આવેલા કેરાલા જેને લોકો GODS OWN COUNTRYના નામે પણ પ્રખ્યાત છે. અહીંની લીલોતરી, કિનારે દૂર સુધી ફેલાયેલા નારિયેરીના ઝાડ, બેકવૉટર પર ચાલતી હાઉસબોટ, ઝરણાં, આયુર્વેદની સુગંધ અને વાસ્તુકળાથી સુસજ્જ મંદિર મન મોહી લે તેવા છે.**

# બેસ્ટ હનિમૂન ડેસ્ટિનેશન ઈન કેરાલા

લગ્ન બાદ હનિમૂન એક એવો સમય છે જ્યાં લગ્નની શોપિંગ, રિત-રિવાજો અને નાચવા-ગાવાથી થાકેલા શરીરને રિલેક્સ થવાનો ચાન્સ મળે છે. હનિમૂનનો અનુભવ દરેક કપલ માટે જિંદગી ભરની યાદ બની જાય છે અને આજ કારણસર દરેક વ્યક્તિ હનીમૂન માટે સારી જગ્યા પસંદ કરવા માંગે છે. ભારતમાં હનિમૂન ડેસ્ટિનેશનની વાત કરીએ તો કેરલ સૌથી વધારે લોકપ્રિય ડેસ્ટિનેશનમાંથી એક છે. અહીની પ્રકૃતિ, સંસ્કૃતિ તમારી નવી જિંદગીની શરૂઆતને વધારે રોમાંચક બનાવી દેશે.

### કોચિન

કોચિન એક એવુ પર્યટન સ્થળ છે કે દરેક વ્યક્તિએ પોતાના જીવનકાળ દરમિયાન તેને એક વખત જરૂર જોવુ જોઈએ. કોચિનને કોચ્ચિ નામથી પણ ઓળખાય છે. કોચિનના જોવા લાયક સ્થળોમાં સુભાષ પાર્ક, મંગલવનમ પક્ષી અભ્યારણ્ય, મટ્ટનચેરી મહલ, મરીન ડ્રાઈવ, સેંટ ફ્રાંસિસ ચર્ચ, મ્યૂઝિયમ ઓફ કેરલ હિસ્ટ્રી તેમજ મસ્તફેદ મિલ્કી- વે એક્વા ટૂરિસ્ટ વિલેજની મુલાકાત જરૂર લેજો.

### થેક્કડી

થેક્કડીમાં તમે ક્રુઝ દ્વારા વન્ય જીવનને ખુબ નજીકથી જોઈ શકો છો. અહી હાથી, વાઘ, હરણ, જંગલી ભેંસ જેવા પ્રાણીઓ જોવા મળશે. હાથીની સફારીની મજા પણ તમે લઈ શકો છો. જે એક અલગ પ્રકારનો અનુભવ છે. અહીં ટ્રેકિંગની મજા પણ લઈ શકો છો, થેક્કડીના મુખ્ય આકર્ષણમાં પેરિયાર રિવર, મુરિક્કડી અને ચેલ્લાર્કોવલી છે.

### એલેપ્પી

પોતાના પ્રેમની સાથે હાઉસબોટમાં બેસવાથી વધારે રોમેંટિક બીજુ કશુ જ નથી હોતું. પાણી પર તરતા સુંદર દ્રશ્યોને પસાર થતા જોવા એ અદ્ભુત અહેસાસ છે. હાઉસબોટમાં પિરસાતી વિવિધ વાનગીઓ અને તેને ખાતા ખાતા વિહાર કરતુ આ દ્રશ્ય તમને ફરીથી અહીની મુલાકાત લેવા મજબૂર કરીદેશે. અલેપ્પીમાં જોવા લાયક સ્થળોમાં કુટ્ટાનાડ બેકવોટર, કૃષ્ણાપુરમ પેલેસ, અલેપ્પી બીચ, કરુમડી અને મારારી બીચ છે.

### મુન્નાર

ખુબ જ નજીક નજીકર ગોઠવાયેલી પર્વતમાળા અને અદ્ભુત દ્રશ્ય જોવા માટે અને હનિમૂન મનાવવા માટે આ હોટસ્પોટ છે. અહી કપલને પહાડી પર ટ્રેકિંગ કરવાનો મોકો મળે છે. આ પહાડી સ્ટેશન પર પ્રકૃતિ ઉદાર રહી છે. જો કેરેલા ભગવાનનો દેશ છે તો મુન્નાર ભગવાનનો નિવાસ છે. જ્વલંત વનસ્પતિ અને જીવ, જંગલ લાઈફ, સાહસિક ખેલ, સુંદર ઝરણા છે. મુન્નારને ખરેખર કેરલનું કાશ્મીર કહેવામાં આવે છે. મુન્નાર જતા પલ્લીવાસન ફોલ્સ, રાજમાલા, ઈકો પ્વાઈંટ, પોતનમેડું અને મીનુલીમાં ફરવાનું ચુકશો નહી.